# સુરતના વૃદ્ધને ઠગનારા સાયબર માફિયાનું પાકિસ્તાન કનેક્શન

**સાયબર** માફિયાઓને પકડવા સુરત પોલીસનું આસામમાં ઓપરેશન કૌન બનેગા

**કરોડપતિમાં** લોટરી લાગી હોવાનું કહી ૧૩.૫૧ લાખની ઠગાઇ કરી હતી



સુરત:'કૌન બનેગા કરોડપતિ' (KBC)ના નામે દેશભરમાં આચરવામાં આવતા લોટરી ફ્રોડના એક બહુમોટા આંતરરાજ્ય કૌભાંડનો સુરત શહેર સાઇબર ક્રાઇમ પોલીસે પર્દાફાશ કર્યો છે. પાકિસ્તાનથી ઓપરેટ થતી ગેંગના ઈશારે ભારતમાં બેસીને નિર્દોષ લોકોને શિકાર બનાવતા બે શાતિર આરોપીઓને સાઇબર પોલીસે આસામના અત્યંત અંતરિયાળ વિસ્તારમાંથી ફિલ્મી ઢબે દબોચી લીધા છે. સુરતના એક જાગૃત નાગરિક સાથે રૂ. ૧૩.૫૧ લાખની ભયાનક ઠગાઈના આ કેસમાં પોલીસે છેક પૂર્વોત્તર ભારતમાં લોકેશન ટ્રેસ કરીને ઓપરેશન પાર પાડ્યું છે.

સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, ઠગબાજોએ સુરતના ફરિયાદીને KBC અંતર્ગત રૂ. ૮,૫૦,૦૦૦ તથા રૂ. ૨૫,૦૦,૦૦૦ની જંગી રકમની લોટરી લાગી હોવાનું જણાવી ગઠિયાઓએ ફરિયાદી પાસેથી રજિસ્ટ્રેશન ફી, પ્રોસેસિંગ ફી, GST/ટેક્સ ચાર્જ, RBI ક્લિયરન્સ ફી, ઇન્સ્યોરન્સ ચાર્જ, ફાઇલ ઓપનિંગ ફી, બેંક એકાઉન્ટ એક્ટિવેશન ચાર્જ, લોટરી રીલીઝ ઓર્ડર ચાર્જ, ઇનકમ ટેક્સ ક્લિયરન્સ અને NOC ફી જેવા અવનવા બહાના હેઠળ જુદા જુદા બેંક ખાતાઓમાં કુલ રૂ. ૧૩,૫૧,૪૫૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. ઠગોએ 'રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા' (RBI)ના લોગોવાળા બનાવટી લેટરપેડ, 'સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા' (SBI)ના નામના નકલી ઇલેક્ટ્રોનિક ચેક તેમજ રૂ. ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર ભારત સરકારના 'મિનિસ્ટ્રી ઓફ પાવર'ના લોગોવાળા નકલી ડિજિટલ મંજૂરી પત્રો બનાવીને ફરિયાદીને વોટ્સએપ પર મોકલી ઠગાઇ કરી હતી. આ ગુનામાં સાઇબર ક્રાઇમ પોલીસે ઇજાજુલ હક જલાલુદ્દીન (ઉ.વ. ૨૪, ધંધો- મત્સ્ય ઉદ્યોગ, રહે. ગામ- કોચગાંવ, પોસ્ટ- સૈદુરીયા, જી. નાગાંવ, આસામ)તથા મુજફ્ફર અલી અલી સમસુલ હક (ઉ.વ. ૨૭, રહે. ગામ- કોચગાંવ, પોસ્ટ- સૈદુરીયા, જી. નાગાંવ, આસામ)ને ઝડપીન પાડયા હતા. પીઆઇ કે.પી. ગામેતી અને પીએસઆઇ વી.બી. પ્રજાપતિએ જ્યારે ફરિયાદી પર આવેલા ફોન કોલ્સ અને વોટ્સએપ નંબરોની ઊંડાણપૂર્વક તપાસ કરી, ત્યારે ચોંકાવનારી કડી હાથ લાગી હતી. આ તમામ વોટ્સએપ નંબરોના IP (ઇન્ટરનેટ પ્રોટોકોલ) એડ્રેસ પાકિસ્તાનના હોવાનું ખૂલ્યું હતું. બીજી તરફ, ગુનામાં જે બેંક ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર થયા હતા તે આસામ રાજ્યના હોવાનું સામે આવ્યું હતું.

### આસામના નાગાંવ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રેડ

પાકિસ્તાની કનેક્શન અને આસામના બેંક ખાતાની કડી મળતા જ સુરત સાઇબર ક્રાઇમની એક સ્પેશિયલ ટીમ તાત્કાલિક આસામ રવાના થઈ હતી. પોલીસે આસામના ગોવાહાટીથી આશરે ૧૪૦ કિલોમીટર દૂર આવેલા નાગાંવ (નગાઉ) ડિસ્ટ્રિક્ટના એક અત્યંત અંતરિયાળ અને રૂરલ એરિયામાં ધામા નાખ્યા હતા. જુદા જુદા લોકેશન પર સ્થાનિક વેશપલટો કરીને આરોપીઓની સઘન રેકી કરવામાં આવી હતી. આખરે પોલીસે રૂપાહી પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કોચગાંવ ખાતેથી બે મુખ્ય આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

### ગુનામાં આરોપીઓની ભૂમિકા

આરોપી ઇજાજુલ હક જલાલુદ્દીનએ પોતાના નામે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં એકાઉન્ટ ખોલાવી તેને 1 ટકા કમિશનના બદલે મુઝફ્ફર અલીને આપ્યું હતું. ત્યારબાદ આ એકાઉન્ટ 2 ટકા કમિશન પર અન્ય આરોપીને સોંપવામાં આવ્યું હતું. જે હાલ ફરાર છે. ફ્રોડથી એકાઉન્ટમાં જમા થતી રકમ હાલ ઝડપાયેલા આરોપીઓ ચેક અને ATM કાર્ડ મારફતે ઉપાડી ફરાર આરોપીઓને પહોંચાડતા હતા. NCCRP પોર્ટલ પર તપાસ દરમિયાન આ એકાઉન્ટ સામે કુતિયાણા પોલીસ સ્ટેશન (પોરબંદર) અને બારિયાતુ પોલીસ સ્ટેશન (રાંચી, ઝારખંડ) માં કુલ બે ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે. તપાસમાં અંદાજે 28.68 લાખની લોટરી ફ્રોડની રકમ આ એકાઉન્ટ મારફતે ટ્રાન્ઝેક્શન થયાની હકીકત બહાર આવી છે.

# લેબગ્રોન મશીનના નામે કરોડોની ઠગાઈમાં બે ઝડપાયા

**લેબગ્રોન** ડાયમંડ એલ.એલ.પી. પેઢીના ભાગીદારોએ સીવીડી હીરાનું ઉત્પાદન નહીં કરી વિશ્વાસઘાત કર્યો હતો

સુરતઃ સીવીડી રફ હીરાના એક જાણીતા વેપારીને વિશ્વાસમાં લઈ, લેબગ્રોન ડાયમંડનું ઉત્પાદન કરતા મશીનો નાંખી આપવાના બહાને રૂ. ૪.૫૦ કરોડનું રોકાણ કરાવી તેમાંથી રૂ. ૩.૫૦ કરોડની મતા પચાવી પાડવાના હાઈપ્રોફાઈલ કેસમાં ક્રાઈમ બ્રાન્ચની ઈકોનોમિક સેલે બે મુખ્ય આરોપીની ધરપકડ કરી છે.

વરાછા મેઈન રોડ પર આવેલા શ્રેયસ ડાયમંડ સેન્ટરના પહેલા માળે 'મનરોસો ઈમ્પેક્ષ પ્રા.લિ.' નામે સીવીડી રફ ડાયમંડનો વેપાર કરતા કેતનભાઇ ભીખાભાઈ પટેલે ચોક બજાર પોલીસ મથકમાં આરોપીઓ અંકુશ મધુભાઈ નાકરાણી (ઉ.વ. ૪૩, રહે. મણીનગર સોસાયટી, અશ્વિનીકુમાર રોડ, વરાછા)અને સંદીપભાઈ નાનજીભાઈ જસાણી(ઉ.વ.૩૧, રહે. આનંદધારા રો હાઉસ, મોટા વરાછા) સહિત ચાર આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી. તેમની વાતો પર વિશ્વાસ રાખીને તેમણે ડાયમંડના મશીનો ખરીદવા માટે કુલ રૂ. ૪.૫૦ કરોડનું રોકાણ કર્યું હતું. જો કે, આ ભાગીદારોએ એશિયન લેબગ્રોન સીવીડી હીરાઓનું કોઈ ઉત્પાદન કરી આપ્યું ન હતું. એટલું જ નહીં, કેતનભાઈએ પોતાની રોકેલી મૂડીમાંથી બાકી નીકળતા રૂ. ૩,૫૦,૦૦,૦૦૦ પરત માંગ્યા, ત્યારે આરોપીઓએ તે રકમ આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો પોલીસે ઠગાઈનો ગુનો નોંધીને અંકુશ નાકરાણી અને સંદીપ જસાણીની ધરપકડ કરી છે.

# પાલ પાટિયા પાસે દારૂ પીને બેફામ કાર ચલાવતો CA પકડાયો

**પોલીસે** રૂ.૮ લાખની કિયા સેલ્ટોસ કાર જપ્ત કરી

સુરતઃ ગત શુક્રવારની મોડી રાત્રે પાલ પોલીસે દારૂના નશામાં ધૂત થઈ બેફામ રીતે કાર હંકારી રહેલા અડાજણના ચાર્ટડ એકાઉન્ટટને પાલ પોલીસે ઝડપી પાડી જેલભેગો કર્યો છે. પોલીસે ચાલક વિરુદ્ધ મોટર વાહન અધિનિયમ (MV Act) અને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી રૂ.૮ લાખની કિંમતની લક્ઝુરિયસ કાર જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પાલ પોલીસની એક ટીમ શુક્રવારની મોડી રાત્રે પાલ વિસ્તારમાં ડ્રિંક એન્ડ ડ્રાઈવના દૂષણને ડામવા માટે પેટ્રોલિંગમાં હતા. દરમિયાન રાત્રિના આશરે ૦૦:૧૦ વાગ્યાની આસપાસ પાલ પાટીયા પાસે પાલ-ઉમરા બ્રિજ તરફથી એક સફેદ કલરની કિયા સેલ્ટોસ ફોર વ્હીલ કાર (નં. GJ 05 RZ 1002) અત્યંત વાંકીચૂંકી અને જોખમી રીતે આવતી દેખાઈ હતી. પોલીસ સ્ટાફે શંકાના આધારે કારને હાથનો ઈશારો કરી ઊભી રખાવી હતી. પોલીસે કારચાલક પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ અને ગાડીના કાગળો માંગતા જ તે ગભરાઈ ગયો હતો અને તોતડાતી જીભે વાત કરવા લાગ્યો હતો. તેના મોઢામાંથી દારૂની તીવ્ર વાસ આવતી હોવાથી પોલીસે તુરંત જ નજીકમાંથી પસાર થતાં બે રિક્ષાચાલકોને પંચ તરીકે બોલાવ્યા હતા. પંચોની હાજરીમાં ખાતરી કરાતા ચાલક પૂરેપૂરો નશામાં હોવાનું ખૂલ્યું હતું. દારૂ પીવા અંગેનું પાસ કે પરમિટ માંગતા તેની પાસે કોઈ સક્ષમ પાસ ન હોવાનું જણાવ્યું હતું. પોલીસે કાયદેસરની પૂછપરછ કરતાં પકડાયેલા કારચાલકે પોતાનું નામ ભાર્ગવભાઈ કિરણભાઈ વિઠ્ઠલાણી (ઉં.વ.૪૩, ધંધોઃચાર્ટડ એકાઉન્ટટ, રહે., ગ્રીન આર્કેડ, એલ.પી.સવાણી રોડ, અડાજણ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઘટનાસ્થળેથી રૂ.૮,૦૦,૦૦૦ની કિંમતની કિયા સેલ્ટોસ કાર જપ્ત કરી લીધી હતી. પાલ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

NATA
ENTRANCE EXAM PREPARATION 2025-26
10th To 12th & DIPLOMA
ARCHITECT
INTERIOR
JEE-2
NID
FINE ARTS
GAJENDRA MAJITHIA
New citylight
91-98251-47447

# વસતી ગણતરીની કામગીરી મુદ્દે સુરતના શિક્ષકોમાં રોષ ભભૂક્યો

**અનેક** વખતની રજૂઆત પછી પણ પરિણામ ન મળતાં શિક્ષકોમાં નારાજગી વધવા લાગી

સુરતઃ દેશવ્યાપી વસતી ગણતરીની મહત્ત્વપૂર્ણ કામગીરીને લઈ શિક્ષકોમાં વહીવટી તંત્રના અણઘડ આયોજન સામે ભારે અસંતોષ અને આક્રોશનો માહોલ ફાટી નીકળ્યો છે. શિક્ષકોના હિત માટે કાર્યરત અગ્રણી સંગઠન 'પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ' દ્વારા વિવિધ વહીવટી અને વ્યવહારુ મુશ્કેલીઓને લઈને સ્થાનિક વસતી ગણતરી અધિકારી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

સંગઠનના પદાધિકારીઓએ રોષે ભરાઈને જણાવ્યું છે કે, અગાઉ આ વિષે તંત્રને અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, હજુ સુધી ઉચ્ચ અધિકારીઓ દ્વારા કોઈ સકારાત્મક કે યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી.

તંત્રની આ ઉદાસીનતાને કારણે શિક્ષકોમાં દિન-પ્રતિદિન નારાજગી વધી રહી છે. મહાસંઘના આક્ષેપ અનુસાર, અનેક શિક્ષકોને તેમના મૂળ રહેઠાણ અથવા ચાલુ નોકરીના કાર્યસ્થળથી 10થી 20 કિલોમીટર જેટલા લાંબા અંતરે વસતી ગણતરીની કપરી ફરજ સોંપી દેવામાં આવી છે.

આવી અણધારી સ્થિતિમાં શિક્ષકોને રોજબરોજની અવરજવરમાં ભારે આર્થિક અને શારીરિક મુશ્કેલીઓ વેઠવી પડશે, એટલું જ નહીં પરંતુ તેના લીધે શાળાઓનું શૈક્ષણિક કાર્ય પણ સંપૂર્ણપણે પ્રભાવિત થવાની ભીતિ સેવાઈ રહી છે. આથી સંગઠન દ્વારા તમામ શિક્ષકોને શક્ય હોય ત્યાં સુધી તેમની પોતાની શાળાની નજીક અથવા ઘરની અનુકૂળતાવાળા વિસ્તારમાં જ ડ્યૂટી ફાળવવાની ન્યાયિક માંગ કરવામાં આવી છે.

બીમારી, દિવ્યાંગતા અથવા શારીરિક અશક્તતાથી પીડાતા શિક્ષકોને આ વસતી ગણતરીની વ્યાપક કામગીરીમાંથી કાયમી મુક્તિ આપવાની રજૂઆત કરાઈ છે. આ સાથે જ, હાલમાં ચૂંટણીલક્ષી BLO (બૂથ લેવલ ઓફિસર) તરીકે અતિવ્યસ્ત કામગીરી સંભાળી રહેલા શિક્ષકોને આ વધારાની નવી જવાબદારીના બોજમાંથી મુક્ત રાખવા પણ જણાવાયું છે.

# GJEPCની 'જ્વેલસ્ટાર્ટ' ઈનોવેશન ચેલેન્જ લોન્ચ કરાઈ

**AI, ઓટોમેશન** અને સસ્ટેનેબિલિટી આધારિત ઉકેલો માટે દેશભરનાં સ્ટાર્ટઅપ્સને આમંત્રણ

સુરત : જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC)એ SINE- IIT બોમ્બેના સહયોગથી ભારતની પ્રથમ ઉદ્યોગ આધારિત 'જ્વેલસ્ટાર્ટ ઈન્ડસ્ટ્રી ઈનોવેશન ચેલેન્જ' શરૂ કરી છે. દેશના જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રમાં ટેકનોલોજી અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલા આ રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ સ્ટાર્ટઅપ્સને ઉદ્યોગના મહત્વના પડકારોના ઉકેલ રજૂ કરવા આમંત્રણ અપાયું છે.

GJEPCના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે આ પહેલ દ્વારા ભારતના જ્વેલરી ઉત્પાદન, ડિઝાઈન અને વેપારનું ભવિષ્ય વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ચેલેન્જમાં સ્માર્ટ ફેક્ટરી મોનિટરિંગ, કિંમતી ધાતુઓની ઈન્વેન્ટરી મેનેજમેન્ટ, ઓટોમેશન, સસ્ટેનેબલ મેન્યુફેક્ચરિંગ, કિફાયતી પ્રોટોટાઈપિંગ, AI આધારિત ક્વોલિટી કંટ્રોલ, 2Dથી 3D CAD કન્વર્ઝન અને જનરેટિવ AI આધારિત જ્વેલરી ડિઝાઈન સહિત આઠ પ્રાથમિક ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. 25 મે 2026થી શરૂ થયેલી અરજી પ્રક્રિયા બાદ ઓગસ્ટમાં અંતિમ વિજેતા સમૂહની જાહેરાત થશે. GJEPCના મતે, આ પહેલ ભારતને વૈશ્વિક જ્વેલરી હબ બનાવવા તરફનું મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.



# વેડ રોડના નાસીરનગરમાં મેગા ડિમોલિશન કરાયું

**70 ગેરકાયદે** બાંધકામો દૂર કરી 12 મીટર પહોળો માર્ગ મુક્ત કરાયો

સુરત : મહાનગરપાલિકાએ કતારગામ દરવાજા વિસ્તારમાં વર્ષોથી અટવાયેલા ટીપી માર્ગને ખુલ્લો કરવા માટે મોટી ડિમોલિશન કાર્યવાહી હાથ ધરી હતી. મનપા કમિશનર નાગરાજન એમના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનની ટીમે ચંદ્રશેખર બ્રિજ (જીલાની બ્રિજ) થી નાસીરનગર થઈ પંડોળ તરફ જતા માર્ગ પર અડચણરૂપ બનેલા આશરે 70 જેટલા કાચા-પાકા ગેરકાયદે બાંધકામો દૂર કર્યાં હતાં. મનપાને ટીપી યોજના અંતર્ગત મળેલી જમીન પર થયેલાં દબાણોને કારણે 12 મીટર પહોળો અને અંદાજે 250 મીટર લાંબો માર્ગ વર્ષોથી ખુલ્લો થઈ શકતો ન હતો. આજે સવારે કાર્યવાહી શરૂ થતાં કેટલાક લોકોએ અગાઉ નોટિસ આપવામાં આવી ન હોવાનો આક્ષેપ કરીને વિરોધ નોંધાવ્યો હતો અને હોબાળો મચાવવાનો પ્રયાસ કર્યો હતો. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મનપાના અધિકારીઓએ સમગ્ર સ્થળનો કબજો મેળવી ડિમોલિશનની કામગીરી પૂર્ણ કરી હતી.

### ખાનગી બિલ્ડરની જગ્યા ખુલ્લી કરાવવા ડિમોલિશન થયાનો આક્ષેપ

સામાજિક અગ્રણી અસલમ સાયકલવાલાએ તંત્રની આ નીતિની આકરા શબ્દોમાં નિંદા કરતા જણાવ્યું હતું કે, ચુસ્ત પોલીસ બંદોબસ્તનો દુરુપયોગ કરીને, કોઈ પણ પ્રકારની લેખિત નોટિસ આપ્યા વગર સેન્ટ્રલ ઝોન દ્વારા આ ડિમોલિશન કરવામાં આવ્યું છે, જે તદ્દન અમાનવીય છે. ખાનગી બિલ્ડરની જમીન ખુલ્લી કરવા મનપાના તંત્રએ હાથો બનીને આ ડિમોલીશન કર્યુ હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

# નોકરી શોધવા નીકળેલા ડિંડોલાના શખ્સનો આપઘાત

સુરતઃ ડીંડોલી નવાગામમાં આવેલ જલારામ નગરમાં ૪૨ વર્ષીય રાજેન્દ્ર જુલાલ રામરાજે પરિવાર સાથે રહેતા હતા અને છેલ્લા ઘણા સમયથી કોઈ કામકાજ કરતા ન હતા. તેમને બે સંતાન છે. આજે બપોરે રાજેન્દ્રભાઈ હું નોકરી શોધવા જાઉં છું કહીને ઘરેથી નીકળી ગયા હતા. ત્યારબાદ ડીંડોલી નવાગામ બ્રિજ પરથી પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં નોકરીના ટેન્શનમાં આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

# સિવિલમાં એકસાથે 250 વિદ્યાર્થી પોસ્ટમોર્ટમ પ્રક્રિયા નિહાળી શકશે

**રૂ.3.60** કરોડના ખર્ચે તૈયાર થશે દક્ષિણ ગુજરાતનું અદ્યતન ફોરેન્સિક હબ



સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલ હવે ફોરેન્સિક વિજ્ઞાન અને મેડિકલ શિક્ષણના ક્ષેત્રમાં પણ દક્ષિણ ગુજરાતનું અગ્રણી કેન્દ્ર બનવા જઈ રહી છે. હોસ્પિટલ પરિસરમાં અંદાજે રૂ.3.60 કરોડના ખર્ચે અદ્યતન પોસ્ટમોર્ટમ સેન્ટરનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું છે, જે રાજ્યની ફોરેન્સિક તપાસ વ્યવસ્થાને નવી ઊંચાઈ આપશે.

નવી સિવિલ હોસ્પિટલના કિડની બિલ્ડિંગ નજીક અને પાર્કિંગ વિસ્તાર પાસે ઊભું થનાર આ આધુનિક ભવન માત્ર પોસ્ટમોર્ટમ કામગીરી માટે જ નહીં, પરંતુ મેડિકલ વિદ્યાર્થીઓના શિક્ષણ, સંશોધન અને જટિલ કેસોના વૈજ્ઞાનિક અભ્યાસ માટે પણ મહત્વપૂર્ણ સાબિત થશે.

સરકારી મેડિકલ કોલેજના ડીન ડૉ. જયેશ બ્રહ્મભટ્ટ, ઈન્ચાર્જ તબીબી અધિક્ષક ડૉ. પારૂલ વડગામા, RMO ડૉ. કેતન નાયક અને આસિસ્ટન્ટ નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ ઈકબાલ કડીવાલાના હસ્તે ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

હાલમાં પોસ્ટમોર્ટમ રૂમની મર્યાદિત સુવિધાઓને કારણે અનેક પડકારોનો સામનો કરવો પડતો હતો. નવા સેન્ટરમાં મેડિકલ ગાઈડલાઈન્સને અનુરૂપ સુવિધાસભર પોસ્ટમોર્ટમ રૂમ, અદ્યતન ટેક્નિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિશાળ લેક્ચર હોલની વ્યવસ્થા કરવામાં આવશે. જેના કારણે એકસાથે 250થી વધુ MBBS વિદ્યાર્થીઓ પોસ્ટમોર્ટમ પ્રક્રિયાનું નિરીક્ષણ કરી શકશે. વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકી જ્ઞાન નહીં પરંતુ વાસ્તવિક કેસોના અભ્યાસથી પ્રાયોગિક અનુભવ પણ મળશે.

ફોરેન્સિક વિભાગ માટે આ પ્રોજેક્ટ વિશેષ મહત્ત્વ ધરાવે છે. દક્ષિણ ગુજરાત ઉપરાંત અન્ય જિલ્લાઓમાંથી પણ અનેક જટિલ અને સંવેદનશીલ કેસો તપાસ માટે સુરત સિવિલમાં આવે છે. આવા કેસોમાં બહારથી આવનારા ફોરેન્સિક નિષ્ણાતોને પણ આધુનિક સુવિધાઓનો લાભ મળશે.

# ગેરકાયદે બેનર લગાવનારા 24 સામે પહેલીવાર ફરિયાદ

**તમામ** ઝોનમાં સઘન ઝુંબેશ અંતર્ગત 8,400થી વધુ બેનર્સ/બોર્ડ દૂર કરાયાં

સુરતઃ સુરત શહેરમાં જાહેર રસ્તાઓ, ખુલ્લા પ્લોટ અને સરકારી મિલકતો પર વિવિધ મનસ્વી રીતે ગેરકાયદે હોર્ડિંગ્સ, બેનરો અને કિયોસ્ક લગાવી દેવામાં આવ્યા છે. આ જાહેરાતોના કારણે સુરત મહાનગરપાલિકાને દર વર્ષે જાહેરાતની આવકમાં મોટું આર્થિક નુકસાન સહન કરવું પડે છે. મનપા કમિશનરના સીધા મોનિટરિંગ અને સૂચનાને પગલે છેલ્લા 15 દિવસથી શહેરના તમામ ઝોનમાં જાહેર માર્ગો અને મિલકતો પરથી ગેરકાયદે હોર્ડિંગ્સ અને બેનરો હટાવવાની મેગા ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. આ સામૂહિક ઝુંબેશના ભાગરૂપે અત્યાર સુધીમાં વિવિધ ઝોનમાંથી 8,400થી વધુ ગેરકાયદે બોર્ડ, બેનર અને કિયોસ્ક દૂર કરવામાં આવ્યા છે. સુરત મનપાના ઈતિહાસમાં પ્રથમ વખત જ આ પ્રકારની કડક કાર્યવાહીના ભાગરૂપે, જાહેરાતના ગેરકાયદેસર માધ્યમો ઊભા કરનારા કુલ 24 વ્યક્તિઓ અને એજન્સીઓ સામે સંબંધિત પોલીસ સ્ટેશનોમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### પોલીસ ફરિયાદની વિગતો

| ઝોન | સંખ્યા |
|---|---|
| સેન્ટ્રલ | 1 |
| નોર્થ | 5 |
| વરાછા-બી | 4 |
| ઉધના-એ | 2 |
| ઉધના-બી | 1 |
| અઠવા | 1 |
| રાંદેર | 10 |
| **કુલ** | **24** |

### ક્રેડિટ કાર્ડનું બિલ ભરવાના બહાને કાપડના વેપારી સાથે લાખોની ઠગાઈ

સુરતઃ મોટા વરાછામાં શિવધારા રેસિડેન્સીની બાજુમાં આવેલા સ્વસ્તિક રો-હાઉસમાં રહેતા હર્ષભાઈ સુરેશભાઈ જસાણી ઈ-કોમર્સ સાઈટ પર કાપડનો વ્યવસાય કરે છે. ગત ૧ મે ૨૦૨૬ના રોજ વેલંજા ગામની રાજનંદની સોસાયટીમાં રહેતો નિલેશ રણછોડભાઈ મકવાણા તેમની ઓફિસે આવ્યો હતો. તેણે ક્રેડિટ કાર્ડનું બિલ કોઈપણ વધારાના ચાર્જ કે પેનલ્ટી વગર સેટલ કરી આપવાનું જણાવી વેપારીનો મોબાઈલ ફોન પોતાની પાસે રાખ્યો હતો. ત્યારબાદ ક્રેડિટ કાર્ડમાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરીને કુલ રૂ. ૧.૯૭ લાખની રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. હર્ષભાઈ જસાણીએ ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે નિલેશ રણછોડભાઈ મકવાણા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### મેટ્રો કામગીરીને પગલે વાહનો માટેનો પ્રતિબંધ છ મહિના લંબાવાયો

સુરતઃ સુરત શહેરમાં ચાલી રહેલી મેટ્રો રેલની કામગીરીને પગલે ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે લંબે હનુમાન રોડ, મસ્કતી હોસ્પિટલ અને ચોકબજાર વિસ્તારમાં મૂકવામાં આવેલા વાહન અવર-જવર અને પાર્કિંગ પ્રતિબંધના જાહેરનામાની મુદત આગામી ૩૦ નવેમ્બર ૨૦૨૬ સુધી લંબાવવાનો આદેશ પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત દ્વારા આપવામાં આવ્યો હતો. મેટ્રો પ્રોજેક્ટનું કામ કરી રહેલી જે.કુમાર ઈન્ફ્રા. પ્રોજેક્ટ લિમિટેડના એચ.આર. મેનેજરની અરજીને ધ્યાને રાખીને જનહિતાર્થે આ નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ બહાર પાડવામાં આવેલા જાહેરનામાની મુદત ૩૧ મેના રોજ પૂર્ણ થઈ રહી હતી. પ્રતિબંધ અનુસાર પોલીસ દ્વારા વૈકલ્પિક રૂટ પણ જાહેર કરાયા છે.

# ફોસ્ટાની ચૂંટણી, 4 જૂનથી ઉમેદવારી ફોર્મનું વિતરણ

**મતદાર** યાદી અને કાર્યક્રમને અંતિમ મંજૂરી, જરૂર પડશે તો 20 જૂને મતદાન યોજાશે

સુરતઃ ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસિએશન (ફોસ્ટા)ની આગામી ચૂંટણીને લઈને ચૂંટણી અધિકારીઓની બેઠક શનિવારે ફોસ્ટા કાર્યાલય ખાતે યોજાઈ હતી. એમાં 20 જૂને ચૂંટણી કરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ બેઠકમાં 30 એપ્રિલ, 2026 સુધીના સભ્યપદ ધરાવતા સભ્યોની મતદાર યાદી તેમજ વિવિધ માર્કેટોની મતદાર યાદીનું વિગતવાર પરીક્ષણ અને ચકાસણી કરવામાં આવ્યા હતા.

ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી પ્રક્રિયાના વિવિધ તબક્કાઓ અંગે ચર્ચા કરી હતી. જેમાં ઉમેદવારી ફોર્મ (નોમિનેશન) મેળવવાની પ્રક્રિયા, ફોર્મ ભરવાની અને જમા કરવાની તારીખો, ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા, અંતિમ ઉમેદવાર યાદીનું પ્રકાશન તેમજ જરૂરી બન્યે મતદાનની તારીખ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં ચૂંટણી અધિકારીઓ તરીકે અશોક જૈન, બુઝમોહન અગ્રવાલ અને સચિન અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા.

ચૂંટણી બિનહરીફ ન રહે અને મતદાનની જરૂરિયાત ઊભી થાય તો 20 જૂન, 2026 (શનિવાર) ના રોજ મતદાન યોજાશે. મતદાનનું સ્થળ મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટ, રિંગ રોડ, સુરત નક્કી કરવામાં આવ્યું છે. મતદાન સવારે 11 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી ચાલશે.મતદાન પૂર્ણ થયા બાદ સાંજે 6 વાગ્યે મતગણતરી શરૂ કરવામાં આવશે અને તે જ દિવસે ગણતરી પૂર્ણ થતાં પરિણામ જાહેર કરવામાં આવશે.

નવી સિવિલ હોસ્પિટલમાં બેવડાં ધોરણો?:

# કિડની બિલ્ડિંગને પાર્કિંગ ને ડસ્ટેમસેલ બિલ્ડિંગનું પાર્કિંગ કેન્ટીનના કબજામાં!

**આરોગ્ય** મંત્રીની સૂચનાઓ બાદ પાર્કિંગ સમસ્યાના ઉકેલના દાવા, પરંતુ મુખ્ય ગેટ- સ્ટેમસેલ બિલ્ડિંગ પાસે ગેરકાયદે કેન્ટીનથી ટ્રાફિકનો પ્રશ્ન જૈસે થે



સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓની સુવિધા માટે કિડની બિલ્ડિંગના બેઝમેન્ટમાં અત્યાધુનિક પાર્કિંગ સુવિધા શરૂ કરવામાં આવી છે.

હોસ્પિટલ પ્રશાસનના આ નિર્ણયને આવકાર મળ્યો છે, પરંતુ બીજી તરફ કેમ્પસમાં હજુ પણ કેટલાક વિસ્તારોમાં પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યાઓ યથાવત જોવા મળી રહી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયાએ તાજેતરમાં નવી સિવિલ હોસ્પિટલની મુલાકાત દરમિયાન પાર્કિંગ અને રોડ-રસ્તાની સમસ્યાઓ અંગે કડક સૂચનાઓ આપી હતી. ત્યારબાદ કિડની બિલ્ડિંગ ખાતે ૮૦ ફોર-વ્હીલર અને ૨૦૦ ટુ-વ્હીલર પાર્ક થઈ શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. પરંતુ મુખ્ય ગેટની અંદર તથા સ્ટેમસેલ બિલ્ડિંગની આસપાસ આજે પણ ટ્રાફિકનું મોટું ન્યુસન્સ જોવા મળી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ સ્ટેમસેલ બિલ્ડિંગની સામે આવેલી સરકારી જગ્યામાં અગાઉ દર્દીઓ અને મુલાકાતીઓના વાહનો માટે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ માટે સ્થળ પર બ્લોક પણ મુકવામાં આવ્યાં હતાં. જોકે સમય જતાં એક ભાગ કેન્ટીન માટે ઉપયોગમાં લેવાતો થઈ ગયો હોવાનું સામે આવ્યું છે. આ કેન્ટીનના કારણે પાર્કિંગ માટે નિર્ધારિત જગ્યા સંકુચિત થઈ ગઈ હોવાનું દર્દીઓ અને તેમના સગાઓ જણાવી રહ્યા છે.